# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર એકતા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું






કમલમ્,

અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત સરદાર એકતા યાત્રાને અમદાવાદથી પ્રસ્થાન કરાવવા પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં સરદારસાહેબનું સન્માન કર્યું છે. ૨૦૧૪થી સરદાર સાહેબની જયંતીને દેશભરમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવવાની પરંપરા તેમણે શરૂ કરાવેલી છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી શ્રી નરેન્દ્રભાઈએ લોહપુરુષ સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ આપી છે. સરદાર સાહેબની આ વિરાટ પ્રતિમા વિશ્વભરમાં ભારતની એકતા અને અખંડતાનું પ્રતીક બની છે, એવું તેમણે ઉમેર્યું હતું. દેશની એક્તા અને અખંડિતાના શિલ્પી લોકપુરુષ સરદાર સાહેબની ૧૫૦મી જયંતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આપણે ઊજવી રહ્યા છીએ, એવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે ૫૬૨ દેશી રજવાડાંઓને એક સૂત્રમાં બાંધીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું. વડાપ્રધાનશ્રી સરદાર સાહેબના એ જ વિચારો અને જીવનમૂલ્યોને જન જન સુધી પહોંચાડી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' માટે પ્રયાસો કરે છે. સરદાર સાહેબની જેમ સૌના મનમાં નેશન ફર્સ્ટની ભાવના ઉજાગર કરવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે, એવું તેમણે ઉમેર્યું હતું. ગુજરાત અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાં યોજાનાર આ યાત્રામાં સરદારસાહેબના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજવસ્તુઓ લોકોના દર્શન માટે રાખવાના આયોજન બદલ મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે આ યાત્રા સરદાર સાહેબનું સમર્પણ, દેશપ્રેમ અને તેમની અટલ એકતાની ભાવનાને જનજનમાં જીવંત કરશે. મુખ્યમંત્રીશ્રીએ દેશની એકતા અને અખંડિતતાને સુદૃઢ કરવા સમર્પિત રહેવા અને સ્વદેશીનો મંત્ર અપનાવવા આહ્વાન કર્યું હતું. સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવવો, એ સમયની માગ છે. આપણે સૌ એક બનીને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરીશું અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરીશું, એ જ સરદાર સાહેબને સાચી ભાવાંજલિ હશે, એવું તેમણે ઉમેર્યું હતું. કે.પી. વિદ્યાર્થી ભવનના વડા તથા યાત્રાના આયોજક શ્રી સતીષભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. પૂર્વ મંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયાએ પ્રાસંગિક પ્રવચનમાં રાષ્ટ્રવ્યાપી સરદાર એકતા યાત્રાના આયોજન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સરદાર એકતા યાત્રાના પ્રસ્થાન સમયે 'જય સરદાર, સબકે સરદાર!'નો નારો ગૂંજી ઊઠ્યો હતો. આ પ્રસંગે સરદાર ધામના પ્રમુખ શ્રી ગગજીભાઈ સુતરિયા સહિતના પાટીદાર અગ્રણીઓ, અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભાના વડાઓ તથા સરદાર રાષ્ટ્રીય સ્મારકના માનદ્ મંત્રી શ્રી આર.એસ. પટેલ સહિતના સરદાર-પ્રેમી લોકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિ

### માનવ જીવનનું કલ્યાણ અને રાષ્ટ્રની આત્મનિર્ભરતા 'પ્રાકૃતિક ખેતી'માં જ સમાયેલી છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

ભગવાનશ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે નિર્મિત નવ મંદિરો પૈકીના પાંચમા એવા ઐતિહાસિક જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિનારાયણ મંદિર, જેતલપુરના ૨૦૦માં મહોત્સવ (દ્વિશતાબ્દી) પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ આધ્યાત્મિકતા અને સામાજિક જવાબદારીના સંગમ પર ભાર મૂકતા એક પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માનવ જીવન એ ઈશ્વર દ્વારા આપવામાં આવેલી સર્વોત્તમ ભેટ છે અને તેનો અંતિમ ઉદ્દેશ્ય મોક્ષની પ્રાપ્તિ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો શરીર સ્વસ્થ હશે તો જ મનુષ્ય ભક્તિ, સેવા કે રાષ્ટ્ર નિર્માણના કાર્યો કરી શકશે. તેમણે સમજાવ્યું હતું કે, સ્વસ્થ શરીર જ તમામ ધર્મ અને પુરુષાર્થ સિદ્ધ કરવાનું મુખ્ય સાધન છે. તેમણે સંસારને એક સીડી સાથે સરખાવતા કહ્યું કે, જેમ સીડીનો ઉપયોગ આગળ વધવા માટે થાય છે તેમ સંસારનો ઉપયોગ સાધન તરીકે કરીને આધ્યાત્મિક લક્ષ્ય સુધી પહોંચવું જોઈએ, તેમાં આસક્ત થવું જોઈએ નહીં. રાજ્યપાલશ્રીએ રાસાયણિક



### રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું

ખેતીથી થતા ગંભીર નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષોમાં કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓ વધવાનું મુખ્ય કારણ ખેતીમાં વપરાતું યુરિયા અને ડીએપી જેવું ઝેર છે. આ રસાયણોએ માત્ર જમીન જ નહીં, પણ ભૂગર્ભ જળ અને પશુઓના દૂધ સહિત માતાના દૂધને પણ પ્રદૂષિત કર્યું છે. વૈજ્ઞાનિક રિપોર્ટનો ઉલ્લેખ કરી ચેતવણી આપી હતી કે જો આપણે આજે નહીં સુધરીએ, તો આવનારી પેઢીને આપણે બંજર જમીન વારસામાં આપીશું. રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતું. તેમણે સમજાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં અળસિયા પુનઃજીવિત થાય છે, જે જમીનને છિદ્રાળુ બનાવી વરસાદી પાણીને જમીનમાં ઉતારે છે. જો ભારતને સાચા અર્થમાં આત્મનિર્ભર અને સ્વસ્થ બનાવવો હોય, તો આપણે આ 'ઝેરમુક્ત' ખેતી અપનાવવી જ પડશે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થતા પર્યાવરણ અને જળ સંચયના કાર્યોની પણ તેમણે પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના રાજ્યપાલશ્રીના પ્રયાસો સંપ્રદાયના મૂલ્યો સાથે સુસંગત છે. 'શિક્ષાપત્રી'ના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે કાલુપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા અમદાવાદમાં ૫ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ પ્રસંગે ધર્મધુરંધર આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વ્યાસપીઠ વક્તા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સંતો મહંતો તેમજ મોટી સંખ્યમાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## કામરેજના ગાયપગલા મંદિરે શ્રી શંખેશ્વર મહાદેવ મંદિરના તે દિવસે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

કમલમ્,બારડોલી

દક્ષિણ ગુજરાત ના કામરેજ તાલુકામાં તાપી નદી કિનારે ધોરણ પારડી ગામની સીમમાં ગાય પગલાં તીર્થ સ્થાન આવેલું છે જ્યાં પાંચ હજાર વર્ષથી પણ અતિ પૌરાણિક અલગ અલગ શ્રી શંખેશ્વર મહાદેવ,રાધા કૃષ્ણ,હનુમાનજી,દત્ત મંદિર,ગુરુકુટીર ના મંદિરો આવેલા છે. ગાયપગલા તીર્થ સ્થાને શંખેશ્વર મહાદેવનું અતિપ્રાચીન મંદિર આવેલું છે. શંખેશ્વર મહાદેવ મંદિરે એક સાથે બે શિવલિંગ સ્વયંભુ પ્રગટ થયેલા છે. જેના દર્શન માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટે છે. ગાય પગલાં તીર્થ સ્થાનનું મહત્વ અને ઈતિહાસ ખૂબ અનેરો છે તેથી જ આ સ્થાનકે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટે છે. શંખેશ્વર મહાદેવ મંદિરે એક સાથે બે શિવલિંગ સ્વયંભુ પ્રગટ થયા છે. કહેવાય છે કે આ બંને શિવલિંગની સ્થાપના કૃષ્ણ અને બલરામે કરી હતી. ગાયપગલા તીર્થ સ્થાને આવેલા શંખેશ્વર મહાદેવ મંદિરે બારેમાસ ભક્તોનો ભારે ઘસારો હોય છે અને મંદિરમાં બિરાજમાન શંખેશ્વર મહાદેવના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવે છે. ગાય પગલા તીર્થ સ્થાનનો ઈતિહાસ રોચક છે. કૃષ્ણ ભગવાને યમુનાજીના જળમાં પ્રવેશ કરી કાળીયા નાગને જીતી પરાક્રમથી બહાર આવ્યા તેમને નિંદ્રા લેવાની ઈચ્છા થઈ એટલે બળદેવજીને પોતાના વતી ગાયોને બોલાવવાનું કહી તેમનો શંખ આપી સુઈ ગયા.



સૂર્યાસ્ત થતા યમુના નદીના સામે કિનારે ગાયો શંખનાદની એકાગ્રહતાથી રાહ જોતી બુમો પાડતી હતી. ગાયોની બુમો સાંભળી બલરામે શંખ વગાડ્યો. શંખનાદનો અવાજ સાંભળી ગાયો યમુનાજીના જળમાં કૂદી, પરંતુ શંખનાદનો અવાજ એક સરખો નહોતો તેથી ગાયો વિચારમાં પડી અને યમુના નદીના જળમાં ગોથા ખાઈ મૃત્યુ પામી. ગૌહત્યાનો દોષ શંખ અને હળને લાગતા તે કાળા થઈ ગયા. કૃષ્ણ ભગવાને ગર્ગમુનિને સંપૂર્ણ ઘટના જણાવી અને મુનિએ ભગવાનને એક રાહ ચીંધી. જે ગાયો જીવીત થઈ હતી તે ગાયોના પગલાં હાલ પણ આ સ્થળ પર જોવા મળે છે. શ્રાવણ માસ અને દર સોમવારે અહીં મોટી સંખ્યામાં શિવભક્તો દુરદુરથી આવે છે અને મંદિરમાં બિરાજમાન શંખેશ્વર મહાદેવના શિવલિંગ પર જળાભિષેક કરી ધન્યતા અનુભવે છે. દર વર્ષે અનેક શ્રદ્ધાળુઓ કાવડ યાત્રા લઈને ગાયપગલા મંદિરે આવે છે. સુરત જિલ્લાના અલગ અલગ તાલુકામાંથી પગપાળા આવતા શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શન કરે છે. કાવડિયા સ્ત્રીઓ માટે મંદિરના ટ્રસ્ટ દ્વારા વિશેષ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. કાવડ લઈને આવતા શ્રદ્ધાળુઓ માટે ચા પાણી અને ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે સાથે જે પગપાળા ચાલીને આવતા શ્રદ્ધાળુઓ છે તેમના માટે આરામની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન અનેક શ્રદ્ધાળુ અહીં આવતા હોવાને કારણે જાહેર ભંડારાનું પણ આયોજન કરવામાં આવે છે તેમજ દર મહિનાની અમાસ ના દિવસે અલગ અલગ યજમાન અને અલગ અલગ મંડળ દ્વારા ૫૨ (બાવન) દત્તબાવની ના પાઠ નું ભંડારા સાથે આયોજન કરવામાં આવે છે હાલ ગુજરાત પવિત્ર યાત્રાધામ અને વિકાસ બોર્ડ અને દાતાઓના અમૂલ્ય સહયોગથી અહીં મોટું મંદિર બન્યું છે. જ્યાં તાપી માતાની મૂર્તિ, શ્રીકૃષ્ણ અને બલરામની પૂજા તપ કરતી મૂર્તિ મુકવામાં આવી છે. જેનો અલગથી ગર્ભદ્વાર બનાવવામાં આવેલ છે જેની પ્રાણપ્રતિષ્ઠા ૦૬/૦૩/૨૦૨૬ થી ૦૮/૦૩/૨૦૨૬ દરમ્યાન રાખેલ છે અને ૦૮/૦૩/૨૦૨૬ ના રોજ મહાપ્રસાદી સાંજે ૬:૦૦ કલાકે નું આયોજન કરવામાં આવેલ છે તો શ્રી દત્ત ભક્તમંડળ અને શ્રી દતાત્રેય દેવાલય ટ્રસ્ટ દ્વારા મોટી સંખ્યામાં પધારવા આમંત્રણ છે

## નિકોલ વિધાનસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના રૂ.૯૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આપેલી વિકાસની રાજનીતિની ભેટથી છેવાડાના માનવી સુધી આજે વિકાસના ફળ પહોંચી રહ્યા છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા






### પ્રજાએ ચૂંટણીઓમાં ભાજપાને ભરપૂર મત આપી વ્યક્ત કરેલા વિશ્વાસનું ઋણ ભાજપાએ ગુજરાતના સાડા છ કરોડ નાગરિકો માટે વિકાસના અનેક કાર્યો થકી ચૂકવવાનો પ્રયાસ કર્યો છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે અમદાવાદના વિરાટનગર સ્થિત કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોનમાં સમાવિષ્ટ નિકોલ વિધાનસભા વિસ્તારમાં રૂ.૯૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિકાસની રાજનીતિની જે ભેટ આપી છે, તેના ફળ આજે છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યા છે. કોંગ્રેસ માત્ર મત મેળવવા ચૂંટણી સમયે કામોના વાયદા જ કરે છે. દેશને ૭૫ વર્ષ સુધી કોંગ્રેસ તરફથી જનતાને માત્ર વચનો જ મળ્યા છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતની જનતા વિકાસની રાજનીતિને મત આપી રહી છે અને આજે પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ પર જનતા વિશ્વાસ વ્યક્ત કરી રહી છે. ભાજપા જેનું ખાતમુહૂર્ત કરે છે તેનું લોકાર્પણ પણ કરે છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, માત્ર ૧૫ મહિનાના ટૂંકા ગાળામાં રૂ.૧૦.૯૧ કરોડથી વધુના ખર્ચે ૩૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલ અત્રે તૈયાર કરી દેવાઈ છે, જ્યાં ૧૧ સુપર સ્પેશિયાલિટી ડોક્ટરો, ૪૩ પ્રકારના નિઃશુલ્ક રિપોર્ટ, સોનોગ્રાફી અને એક્સ-રે જેવી સેવાઓ ઉપલબ્ધ છે. તેઓએ કહ્યું કે, જનતાએ તેમને ધારાસભ્ય તરીકે સેવાની તક આપી છે, ત્યારથી અત્યાર સુધીમાં નિકોલ વિસ્તારમાં અંદાજે ૧,૦૦૦ કરોડથી વધુના વિકાસના કામો થયા છે. પાછલા બે વર્ષમાં વિસ્તારમાં થયેલા મહત્વના કાર્યોની અંગે તેમણે કહ્યું કે, વિશ્વકર્મા બ્રિજ, લક્ષ્મણ બ્રિજ, શબરી વાટિકા, લવ-કુશ તળાવ અને શ્રી રામ પાર્ટી પ્લોટ જેવા પ્રકલ્પો જનતાની સુખાકારી માટે કાર્યરત બન્યા છે. વધુમાં, વિરાટનગરમાં ટૂંક સમયમાં જ એક અત્યાધુનિક 'ઈ-લાઈબ્રેરી' નું નિર્માણ કાર્ય પણ શરૂ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદના પૂર્વ વિસ્તારની જનતાને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળે તે માટે આ વર્ષના બજેટમાં અંદાજે ?૭૦૦ કરોડના ખર્ચે અત્યાધુનિક હોસ્પિટલનું આયોજન કરાયું છે, જે માટે કોર્પોરેશને ૫૦ કરોડની ફાળવણી પણ કરી દીધી છે. છે. પૂર્વ વિસ્તારમાં અંદાજે રૂ. ૧,૨૦૦ કરોડના ખર્ચે ખારીકટ કેનાલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં કહ્યું કે, પ્રજાએ ચૂંટણીઓમાં ભાજપાને ભરપૂર મત આપી જે વિશ્વાસ વ્યક્ત કર્યો છે, તેનું ઋણ ભાજપાએ ગુજરાતના સાડા છ કરોડ નાગરિકો માટે વિકાસના અનેક કાર્યો થકી ચૂકવવાનો પ્રયાસ કર્યો છે. સરકારની ૪૫૦ થી વધુ યોજનાઓનો લાભ સમાજના દરેક વર્ગને મળી રહ્યો છે. તેઓએ જનતાના હિત અને સુખાકારી માટે તેમજ જનતાના પ્રશ્નોના સમાધાન માટે સતત પ્રયત્નશીલ રહેવા બદલ ચૂંટાયેલ પાંખ અને કાર્યકર્તાઓને બિરદાવ્યા હતાં અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ જનતા વિકાસની કામગીરીને મત આપશે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ મહાનગરપાલિકાના ભાજપાના પદાધિકારીઓ, નગરસેવકો, સબંધિત અધિકારીગણ તથા નાગરિક ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ જનતા વિકાસની કામગીરીને મત આપશે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

